PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૨૫૭-૧ તારીખ : ૧૧ - ૦૧ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
રણછોડભાઈ ડાયાભાઇ સોંધરવા
મું. પો. : ઈશ્વરીયા , તા. : વડીયા , જી. : અમરેલી,
પીન કોડ. : ૩૬૫૪૬૦
મોબાઈલ : ૭૮૫૯૯૬૧૫૮૦

વિષય : ઘર વપરાશ માટે વીજજોડાણ મેળવવા બાબતે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : NIL, તા. ૦૧-૧૧-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૫/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ગોંડલ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાસાવડ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૫/ક્વા-૩/૨૨-૨૩/૨૬૭-૧ તા. ૧૧-૦૧-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૫/ક્વા-૩/૨૨-૨૩**

અરજદાર : શ્રી રણછોડભાઈ ડાયાભાઇ સોધરવા, ગામ: ઈશ્વરીયા

રજૂઆત કરનાર : શ્રી રણછોડભાઈ ડાયાભાઇ સોધરવા અને શ્રી ખોડાભાઈ ડાયાભાઇ સોધરવા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – ગોંડલ

રજૂઆત કરનાર : શ્રી એમ.એમ.ગોહેલ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી ગોંડલ હાજર રહેલ છે.

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૧૩.૧૨.૨૦૨૨ (મંગળવાર) તથા ૩૦.૧૨.૨૦૨૨ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૧૨.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર હાજર રહેલ ન હતા, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી શ્રી બી.સી.રાઠોડ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી ગોંડલ હાજર રહેલ હતા, ત્યારબાદ અરજદારને ફરી એક વખત રૂબરૂ રજૂઆતની તક આપવા માટે સદર કેસની સુનાવણી તા.૩૦.૧૨.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ દ્વારા તેમની માતા મોતીબેન ડાયાભાઇ સોંધરવા મુ.વાસાવડ તા.ગોડલ જી.રાજકોટના નામે વાસાવડ પેટાવિભાગીય કચેરી ખાતે વીજજોડાણ મેળવવા માટે ૦૭ માસ અગાઉ અરજી કરેલ પરંતુ પી.જી.વી.સી.એલ દ્વારા તેમના અને બાજુમાં રહેતા ગોરાભાઈ સોંધરવાના ઘરે ૦૬ માસ પહેલા મીટરનું ખોખુ મુકેલ પરંતુ લાઈટનો પાવર આપેલ નથી. ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ફોર્મ ભરેલ તેની માહિતી માંગેલ છે પરંતુ પી.જી.વી.સી.એલ. દ્વારા તે માહીતી આપેલ નથી આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ નવું વીજજોડાણ મેળવવા માટે ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની વડીયા તાલુકાના ઇશ્વરીયા ગામે ઘરવપરાશનું વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ હોવા છતાં વીજજોડાણ મળેલ ન હોવાની ફરિયાદ અન્વયે પીજીવીસીએલની પક્ષકાર દ્વારા જણાવેલ કે અરજદાર દ્વારા વીજજોડાણ મેળવવા માટેની અરજી પેટાવિભાગીય કચેરીમાં નોંધાયેલ નથી. જેથી સદર બાબતે અરજદારનો મોબાઈલ નં:-૭૮૫૯૯૬૧૫૮૦ પર ટેલીફોનીક સંપર્ક કરી વાકેફ કરેલ અને નવિન વીજજોડાણ મેળવવા માટે જરૂરી દસ્તાવેજો રજુ કરવા જણાવેલ છે. પરંતુ આજદિન સુધી અરજદારશ્રી દ્વારા જરૂરી દસ્તાવેજ પેટાવિભાગીય કચેરીએ રજુ કરવામાં આવેલ નથી. અરજદાર દ્વારા વીજજોડાણ મેળવવા માટેની અરજી કર્યા બાદ તેમજ જરૂરી ચાર્જ ભરપાઈ થયે વીજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૩.૧ ફોરમની સુચના મુજબ સદર કેસની પ્રથમ સુનાવણી તા.૧૩.૧૨.૨૦૨૨ પહેલા તા.૦૮.૧૨.૨૦૨૨ ના રોજ ફરિયાદીની હાજરીમાં સ્થળ તપાસ કરેલ તે મુજબ ફરિયાદી અરજદાર દ્વારા બાજુમાં રહેતા ખીમાભાઈ બાવાભાઈ સોંધરવાના મકાન ઉપરથી સર્વિસ ખેચીને વીજજોડાણ આપવાનો આગ્રહ રાખેલ, જે કંપનીના નિયમ મુજબ થઇ શકે તેમ ન હોવાથી અરજદારને વીજજોડાણ આપવાની કાર્યવાહી થઇ શકેલ નથી.

૩.૨ વધુમાં સદર કેસની સુનાવણી તા.૩૦.૧૨.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ, જેમાં ફોરમ દ્વારા અપાયેલ સુચના મુજબ માંગણીવાળા વીજજોડાણમાં સ્થળ તપાસ અને બાકી લેણી રકમની ખરાઈ કરવા સુચના આપેલ જે અનુસંધાને તા.૦૪.૦૧.૨૦૨૩ ના રોજ સ્થળ તપાસનો રીપોર્ટ પત્ર નં ૪૧૦ તા.૦૫.૦૧.૨૦૨૩ થી ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરિયાદ અત્રેના ફોરમને તા.૧૨.૧૧.૨૦૨૨ ના રોજ મળેલ છે તે મુજબ વાસાવડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગામ ઈશ્વરીયા, તા.વડિયાના મોતીબેન ડાયાભાઇ સોંધરવા નાં નામે વીજજોડાણ મેળવવા માટે ૦૭ માસ અગાઉ અરજી કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા અરજદારે ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે, જેની નોંધણી ફોરમ દ્વારા તા.૧૪.૧૧.૨૦૨૨ ના રોજ કરેલ છે.

૪.૨ સદર કેસની સુનાવણી તા.૧૩.૧૨.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ ત્યારે ફરિયાદી અરજદાર ગેરહાજર રહેતા તા.૩૦.૧૨.૨૦૨૨ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર અને પીજીવીસીએલની રજૂઆત મુજબ અરજદારના વીજબીલની રકમ બાકી હોવાથી તેમજ અરજદાર દ્વારા બાજુમાં અન્ય મકાન ઉપરથી સર્વિસ વાયર ખેચીને વીજજોડાણ આપવાની રજૂઆત કરેલ જે અનુસંધાને ફોરમ દ્વારા અરજદારની હાજરીમાં સ્થળ તપાસ કરીને વિગતવાર રીપોર્ટ આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપેલ.

૪.૩ અરજદારની રજૂઆત અન્વયે પીજીવીસીએલની સબંધક કચેરીના પત્ર નં ૮૩૮૩ તા.૨૫.૧૧.૨૦૨૨ મુજબ વીજજોડાણ મેળવવા માટેની અરજી નોંધાયેલ ન હોવાથી, અરજીપત્રક સાથે જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા અરજદારને ટેલીફોનીક જાણ કરેલ જે રજુ થયેથી નિયમાધીન કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૪.૪ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરિયાદી અરજદારની હાજરીમાં તા.૦૮.૧૨.૨૦૨૨ અને તા.૦૪.૦૧.૨૦૨૩ ના રોજ કરાયેલ સ્થળ તપાસ મુજબ અરજદારની માંગણીવાળી જગ્યામાં અગાઉ ગ્રાહક નં :૩૩૫૦૩/૦૦૧૭૯/૩ થી ખોડાભાઈ ડાયાભાઇ હરીજનના નામનું ઘરવપરાશ વાળું વીજજોડાણ જણાય છે, જે વીજજોડાણને તા.૨૩.૦૨.૨૦૨૨ ના રોજ ચેકિંગશીટ નં – ૫૯૨૩૯ મુજબ વીજચોરીમાં નોંધાયેલ હતું જે અન્વયે વીજચોરીનું બીલ રૂ.૮૧૪૨/- આપેલ, જે ભરપાઈ ન કરતા તા.૨૧.૦૩.૨૦૨૨ ના રોજ મીટર અને સર્વિસ વાયર ઉતારવામાં આવેલ છે, તેમજ ફરિયાદી અરજદારની રજૂઆત મુજબ તેઓના મકાનની આગળના

ભાગમાં આવેલ ખીમાભાઈ બાવાભાઈ સોંધરવાના મકાન ઉપરથીજ સર્વિસ લાઈન પસાર કરીને વીજજોડાણ આપવાનો આગ્રહ રાખેલ છે, જે તાંત્રિક અને વીજ સલામતીના નિયમો મુજબ ઘરવપરાશ માટે વીજજોડાણ આપી શકાય નહિ.

૪.૫ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૪.૩૦ મુજબ "નવા જોડાણ પુનઃજોડાણ વીજભારમાં વધારો કે ઘટાડો નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવાની માટેની અરજી તે જગ્યાના સંબંધિત કોઈલેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સંબંધમાં કોઈ બાકી રકમ ચૂકવવામાં આવશે નહીં ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉના લેણા વસુલ કર્યા પછી જોડાણ આપવામાં આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેસમાં આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/માલિક કે કબજેદારને રકમ પાછી અપાશે."

૪.૬ અરજદાર ની અને પીજીવીસીએલની રજૂઆત અંતર્ગત અરજદાર ની નવા વીજજોડાણ માંગણીવાળી જગ્યા ઉપર ગ્રાહક નંબર ૩૩૫૦૩/૦૦૧૭૯/૩ ખોડાભાઈ ડાયાભાઇ હરીજનના નામનું ઘરવપરાશનું વીજજોડાણ અંતર્ગત પીજીવીસીએલ પક્ષકારની લેણી રકમ બાકી હોવાથી, ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ અન્વયે વીજજોડાણ આપવા અંગેની કાર્યવાહી હાથ ધરી શકાય નહિ, તેમજ અરજદારની રજૂઆત અન્વયે તાંત્રિક અને વીજ સલામતીના નિયમો મુજબ અન્યના મકાન ઉપરથી વીજલાઈન પસાર કરીને વીજજોડાણ આપી શકાય નહિ. જેથી અરજદારની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી. વધુમાં સદર બાકી લેણી રકમ ભરપાઈ થયા બાદ, અરજદારે નવા વીજજોડાણ માટે અરજીપત્રક સાથે જરૂરી આધાર-પુરાવા રજુ થયે કંપનીના નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવા – પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧